પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧
કનક રોડ, કવેરી હોટલની સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧
ઈમેલ @ : eercd1.rajkot@gebmail.com, વેબ સાઈટ: www.pgvcl.com
ફેક્ષ નં. ૦૨૮૧–૨૨૨૩૫૨૭ ફોન નં.૦૨૮૧–૨૨૨૬૮૧૭

રજીસ્ટર અને કોર્પોરેટ કચેરી (www.pgvcl.com)
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
લક્ષ્મીનગર, નાના મૈવા મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૧
CIN U 40102GJ2003SGC042908
ફેક્ષ નં. ૦૨૮૧–૨૩૮૦૪૨૮ ફોન નં.૦૨૮૧–૨૩૮૦૪૨૫ થી ૨૮


# ટેન્ડર ભરવા માટેની અગત્યની સુચનાં

કાર્યપાલક ઈજનેરશ્રી શહેર વિભાગ–૧,જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, કાવેરી હોટલની સામે,રાજકોટ માટે **ટાવર લેડરવાહન ચોવીસ કલાક માટેમીલપરા** _પેટા કચેરી માટે ભાડે રાખવા માટે સબંધિત કોન્ટ્રાકટરો પાસેથી સીલબંધ કવરમાં અલગ અલગ ભાવો મંગાવવામાં આવે છે. સદર વાહન ૨૪ કલાક માટે ડ્રાઈવર સાથે ભાડે આપવાનુ છે અને **વાહનનું મોડેલ ફેબ્રુ–૨૦૧૫ કે ત્યાર બાદનુ હોવુ જોઈએ.** આ માટેનું ટેન્ડર આ સાથે સામેલ છે જે નીચેની સુચના મુજબ ભરી મોકલવુ.

૧. ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલ ટેન્ડર બે ભાગમાં ભરવાનું રહેશે (ભાગ–અ) ટેકનીકલ બીડ અને (ભાગ–બ) પ્રાઈસ બીડ.

૨. **ભાગ–અ અને ભાગ–બ અલગ–અલગ કવરમાં** સીલ બંધ પેક કરી **બન્ને કવર એક અન્ય કવરમાં સીલ બંધ કરી** અત્રેની કચેરીને રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ થી પહોચાડવાનું રહેશે.

૩. ટેકનીકલ બીડ(ભાગ–અ)માં નીચે મુજબના દસ્તાવેજોની વાંચી શકાય તેવી નકલોમાં અરજી સાથે બીડવાના રહેશે. તમામ દસ્તાવેજો સીલ બંધ કવરમાં પેક કરી કવર ઉપર "ટેકનીકલ બીડ" અને કોન્ટ્રાકટરનું નામ દર્શાવાનું રહેશે.

- ☐ ટેન્ડર માંગણીની અરજી જેની નકલ આ સાથે **ભાગ–અ** મા સામેલ છે.
- ☐ વાહનની આર.સી. બુક ની નકલ. (વાહન કોન્ટ્રાકટરનાં નામે હોવું જોઈએ.)
- ☐ વાહનના વીમા પોલીસી ની નકલ.
- ☐ કોન્ટ્રાકટરના PAN કાર્ડની નકલ.
- ☐ ડ્રાઈવરના ડ્રાઈવીંગ લાઈસન્સની નકલ.(ચોવીસ કલાક માટે બે ડ્રાઈવર ના ડ્રાઈવીંગ લાઈસન્સની નકલ આપવાની રહેશે.)
- ☐ પીયુસી સર્ટિની નકલ.
- ☐ ટેન્ડર ફી ભરવા માટેનો ડીમાન્ડ ડ્રાફટ.
- ☐ ઈ.એમ.ડી.ની રકમ ભરવા માટેનો ડીમાન્ડ ડ્રાફટ.
- ☐ પી.એફ.નંબર અથવા એફીડેવીટ પી.એફ.બાબતનું.
- ☐ ડ્રાઈવરનું ફીટનેશ ત્થા આંખનું સર્ટી. માન્ય ડોકટરનું આપવાનું રહેશે.(ફોટા સાથે)(ચોવીસ કલાક માટે બે ડ્રાઈવર ના ફીટનેશ ત્થા આંખનું સર્ટી. માન્ય ડોકટરનુ આપવાનુ રહેશે.)
- ☐ નવુ વાહન આપવાના હોય ત્યારે વાહનનું કોટેશન ટેન્ડર ભરનારના નામનું આપવું.

૪. ટેન્ડર ફી ના ડીમાન્ડ ડ્રાફટ વગરનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૫. ઉપરોકત ક્રમ–૩ માં જણાવેલા દસ્તાવેજો પૈકી અધુરા દસ્તાવેજો કે ઈ.એમ.ડી.ની રકમના ડીમાન્ડ ડ્રાફટ વગરના ટેન્ડર સ્વીકારવાની કે નહી સ્વીકારવાની સત્તા અત્રેની કચેરીને રહેશે.

૬. પ્રાઈસ બીડ(ભાગ–બ)માં આ સાથે બીડેલ શેડયુલ–બી, તેમજ શરતો સ્વીકાર્યાની સહી સાથે સીલ બંધ કવરમાં આપવાનું રહેશે. અધુરી વિગતો સાથેના બીડાણો અસ્વીકાર્ય રહેશે. તમામ દસ્તાવેજો સીલ બંધ કવરમાં પેક કરી કવર ઉપર " પ્રાઈસ બીડ" અને કોન્ટ્રાકટરનું નામ દર્શાવાનું રહેશે.

૭. ઉપરોકત દર્શાવેલ બન્ને કવરો (ભાગ–અ અને ભાગ–બ) એક અન્ય કવરમાં મુકી સીલ બંધ કરી કવર ઉપર **" કોઠારીયા રોડ પેટા કચેરી , રાજકોટ માટે ટાવર લેડર વાહન ભાડે રાખવામાટેનું ટેન્ડર"** લખી અત્રેની કચેરીને રવાના કરવાનું રહેશે.

૮. ટેન્ડર માહિતીમાં જણાવેલ તારીખ સુધીમાં આવેલ ટેન્ડરો દર્શાવેલ તારીખે ખોલવામાં આવશે(જો શકય હશે તો)

૯. ટેન્ડરમાં જણાવેલ તારીખ પછી આવેલ ટેન્ડરો માન્ય રાખવા કે નહી રાખવાની સત્તા અત્રેની કચેરીને રહેશે.

૧૦. પીજીવીસીએલ કોઈપણ કે બધા ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવાની સત્તા અબાધીત રાખે છે.

કાર્યપાલક ઈજનેર
પીજીવીસીએલ,શહેર વિભાગ–૧,
રાજકોટ

RFQ No:-____________

# PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED


## Office of the Executive Engineer
## City Division No:-1 , RAJKOT

Old Power House Compound , Near Hotel Kavery , Kanak Road

Telephone No:- 0281 – 2226817 , Fax No:- 0281 – 2223527

E mail:- rcd1.rajkot@gebmail.com Web Site:- www.pgvcl.com

CIN U40102GJ2003SGC042908


**Hiring of Tower Ladder Vehicle for 24 Hrs for Milpara s/dn**

## ESTIMATED AMOUNT:- RS. 4,90,000/-

## Tender Notice No:- 01/2018-19

## Tender No:- 05/2018-19

**Tender Fee :- Rs.1000/- +18%G.S.T.**

P G V C L

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧
કનક રોડ, કવેરી હોટલની સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧
ઈમેલ @ : eercd1.rajkot@gebmail.com, વેબ સાઈટ: www.pgvcl.com
ફેક્ષ નં. ૦૨૮૧–૨૨૨૩૫૨૭ ફોન નં.૦૨૮૧–૨૨૨૬૮૧૭

રજીસ્ટર અને કોર્પોરેટ કચેરી (www.pgvcl.com)
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
લક્ષ્મીનગર, નાના મૌવા મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૧
CIN U 40102GJ2003SGC042908
ફેક્ષ નં. ૦૨૮૧–૨૩૮૦૪૨૮ ફોન નં.૦૨૮૧– ૨૩૮૦૪૨૫ થી ૨૮

# શેડયુલ – એ

## પશ્ચિમ ગુજરાત વિજ કું. લી.

શહેર વિભાગ–૧,રાજકોટ.

### ટેન્ડર નોટીસ નંબર.૦૨/૨૦૧૮ –૧૯ અને ટેન્ડર નંબર–૦૫ /૨૦૧૮ –૧૯

કાર્યપાલક ઈજનેરશ્રી શહેર વિભાગ–૧,જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, કાવેરી હોટલની સામે,રાજકોટ માટે **ટાવર લેડરવાહન ચોવીસ કલાક માટે મીલપરા પેટા કચેરી માટે ભાડે** રાખવા માટે સબંધિત કોન્ટ્રાકટરો પાસેથી સીલબંધ કવરમાં અલગ અલગ ભાવો મંગાવવામાં આવે છે. સદર વાહન ૨૪ કલાક માટે ડ્રાઈવર સાથે ભાડે આપવાનુ હોયે અને **વાહનનું મોડેલ ફેબ્રુ –૨૦૧૫ કે ત્યાર બાદનુ હોવુ જોઈએ.**

| ક્રમાંક | વિગત | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | રૂા.૪,૯૦,૦૦૦/– |
| ૨ | ટેન્ડર ફી (પરત ન કરવાને પાત્ર) | રૂા ૧,૦૦૦/–**+G.S.T. 18% Extra** |
| ૩ | બાનાની રકમ (ઈ.એમ.ડી) | રૂા.૪,૯૦૦/– |
| ૪ | ૧)ટેન્ડર છાપામા પ્રસીધ્ધ કયાની તારીખ<br>૨)ટેન્ડરવેબસાઈટમાં મુકયા તારીખ | ૧૬ –૬–૨૦૧૮<br>૧૮ –૬–૨૦૧૮ |
| ૫ | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ / સમય | ૩૦–૬–૨૦૧૮/ ૧૬:૦૦ કલાક સુધી |
| ૬ | ટેન્ડર ખોલવાની તારીખ / સમય (શકય હશે તો) | ૩૦–૬–૨૦૧૮/ ૧૬:૩૦ કલાક |
| ૭ | સીકયોરીટી ડીપોઝીટ | ૫% ઓર્ડર કીમતનાં |
| ૮ | સમય મર્યાદા | ૧૨ મહિના |

ટેન્ડર ફી તથા બાનાની રકમ(ઈ.એમ.ડી) બેન્કનાં ડીમાન્ડ ડ્રાફટથી (પી.જી.વી.સી.એલ. ની તરફેણમા રાજકોટ ખાતે ચુકવવા પાત્ર) ભાવો સાથે ભરવાની રહેશે અથવા અત્રેની કચેરીએ ઓફીસ સમય દરમ્યાન રોકડેથી ભરી શકાશે.
ટેન્ડરની પુરી વિગતો ભરી રજીસ્ટર્ડ પોસ્ટ/ સ્પીડ પોસ્ટથી કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી–૧, કનક રોડ, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, રાજકોટને મોકલવાના રહેશે. ટેન્ડરના કવર ઉપર **" મીલપરા પેટા કચેરી, રાજકોટ માટેટાવર લેડર વાહન ભાડે રાખવામાટેનું ટેન્ડર"** તેમ દર્શાવવાનું રહેશે.

# ભાગ – અ (ટેકનીકલ બીડ)

**<u>ટેન્ડર મેળવવા માટેની અરજી</u>**

**રવાના**

**—————————————**

**—————————————**

**—————————————**

**તા.**

**પ્રતિશ્રી**
**કાર્યપાલક ઈજનેર**
**પીજીવીસીએલ,શહેર વિભાગ–૧,**
**રાજકોટ.**

**વિષયઃ– વાહન ભાડે રાખવા માટેના ટેન્ડર બાબતે.**
**સંદર્ભઃ– <u>ટેન્ડર નોટીસ નંબર.૦૨/૨૦૧૮ –૧૯ અને ટેન્ડર નંબર–૦૫ /૨૦૧૮ –૧૯</u>**

**માનનીય સાહેબશ્રી,**

**જયભારત સાથ ઉપરોકત વિષયના અનુસંધાને આપની સમાચાર પત્રમાં આવેલ જાહેરાતના અનુંસંધાને હું મારી માલીકીનું વાહન રજી.નં.__________________. આપની કચેરીને ભાડે આપવા માંગુ છુ.,આ સાથે જરૂરીયાત મુજબના નીચેના દસ્તાવેજો બીડેલ છે.**

- ☐ વાહનની આર.સી. બુક ની નકલ. (વાહન કોન્ટ્રાકટરનાં નામે હોવું જોઈએ.)
- ☐ વાહનના વીમા પોલીસી ની નકલ.
- ☐ કોન્ટ્રાકટરના PAN કાર્ડની નકલ.
- ☐ ડ્રાઈવરના ડ્રાઈવીંગ લાઈસન્સની નકલ.(ચોવીસ કલાક માટે બે ડ્રાઈવર ના ડ્રાઈવીંગ લાઈસન્સની નકલ આપવાની રહેશે.)
- ☐ પીયુસી સર્ટિની નકલ.
- ☐ પી.એફ.નંબર અથવા રૂા.૧૦૦/–ના નોટરાઈઝડ સ્ટેમ્પ ઉપર એફીડેવીટ પી.એફ.બાબતનું.
- ☐ ડ્રાઈવરનું ફીટનેશ ત્થા આંખનું સર્ટી. માન્ય ડોકટરનું આપવાનું રહેશે.(ફોટા સાથે)(ચોવીસ કલાક માટે બે ડ્રાઈવર ના ફીટનેશ ત્થા આંખનું સર્ટી. માન્ય ડોકટરનુ આપવાનુ રહેશે.)
- ☐ નવુ વાહન આપવાના હોય ત્યારે વાહનનું કોટેશન ટેન્ડર ભરનારના નામનું આપવું.
- ☐ ટેન્ડર ફી ભરવામાં માટેની ડીમાન્ડ ડ્રાફટ બેન્ક____________________________.

  ડ્રાફટ નં.__________ તા __________.

- ☐ ઈએમડીની રકમ ભરવામાં માટેનો ડીમાન્ડ ડ્રાફટ બેન્ક____________________________.

  ડ્રાફટનં.__________ તા __________.

**ઉપરોકત બાબતો ધ્યાનમાં લઈ મારું ટેન્ડર સ્વીકારવા નમ્ર વિનંતી**

**આભાર સહ.**

**આપનો વિશ્વાસું**

—————————————

મોબાઈલ નંબર——————————————
બીડાણઃ ઉપર મુજબ

PGVCL

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧
કનક રોડ, કવેરી હોટલની સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧
ઈમેલ @ : eercd1.rajkot@gebmail.com, વેબ સાઈટ: www.pgcvl.com
ફેક્ષ નં. ૦૨૮૧–૨૨૨૩૫૨૭ ફોન નં.૦૨૮૧–૨૨૨૬૮૧૭

રજીસ્ટર અને કોર્પોરેટ કચેરી (www.pgvcl.com)
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
લક્ષ્મીનગર, નાના મૈવા મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૧
CIN U 40102GJ2003SGC042908
ફેક્ષ નં. ૦૨૮૧–૨૩૮૦૪૨૮ ફોન નં.૦૨૮૧–૨૩૮૦૪૨૫ થી ૨૮

# ભાગ –બ (કોમર્સીયલ બીડ)

## શેડયુલ – બી

રાજકોટ શહેર વિભાગ નં.૧ હેઠળ ના મીલપરા પેટાવિભાગ માટે **૨૪ કલાક માટે ટાવરલેડર ( છોટા હાથી સિવાય )** ડીઝલ વાહન ભાડે રાખવા બાબત...

### ભાવ પત્રક

| ક્રમ.નં. | કામની વિગત. | રૂા.પૈસા |
|---|---|---|
| ૧ | રાજકોટ શહેરમાં અથવા ગુજરાત રાજયમા ગમે ત્યાં જરૂરીયાત મુજબ જવા માટેની મુસાફરીનુ ઓછામા ઓછુ માસિક ભાડુ ૨,૦૦૦ કી.મી.ની મર્યાદાનુ એક માસનુ ભાડુ.(ડીઝલ તથા ડ્રાઈવર સાથે)( **૨૪ કલાક** માટે) | |
| ૨ | રાજકોટ શહેરમાં અથવા ગુજરાત રાજયમા ગમે ત્યાં જરૂરીયાત મુજબ જવા માટેની મુસાફરીનુ ઓછામા ઓછુ માસિક ૨ ,૦૦૦ કી.મી.થી વધારેની મુસાફરીમાટેનુ કી.મી. દીઠ ભાડુ. | |
| ૩ | ઈંધણ ડીફરન્સ એનેક્ષર-૧ ની શરત નંબર -૧૧ પ્રમાણે રહેશે. | |
| ૪ | વીકલી ઓફ PGVCL SOR NO.PGVCL/T-1/5070 / DTD.25.06.2012 & PGVCL/ACE(Tech)/GR Cell/Vehicle/8989 Dt.01.11.2013 મુજબ આપવામાં આવશે તે સમય માં જો વાહન વાપરવામાં આવશે તો ઓડરના ભાવ મુજબ અલગથી ચુકવવામાં આવશે | |

**નોધ :– શરતી ભાવ સ્વીકાર્ય નથી**

કાર્યપાલક ઈજનેર,
પીજીવીસીએલ.રા.શ.વિ.નં.૧–રાજકોટ.

...............................................
વાહન ભાડે આપનારની સહી.

## ભાગ–બ (કોમર્સીયલ બીડ)

### <u>ટાવર લેડર ભાડે આપવા માટેની શરતો</u>

૧. ભાડે આપેલ વાહનનું આર.ટી.ઓ.માં <u>ટેક્ષી પાસીંગ</u> તરીકે પબ્લીક વપરાશ માટે ટેક્ષી ક્વોટામાં રજીસ્ટ્રેશન થયેલું હોવું જરૂરી છે.એ સીવાયનું કોઈપણ પાસીંગ માન્ય નહીં ગણાય. આ બધા ઓરીજીનલ દસ્તાવેજો વાહનની સાથે રાખવાનાં રહેશે.

૨. જે વ્હીકલના ભાવ તથા પેપર્સ આપેલા હશે તેજ વ્હીકલ આપવાનું રહેશે, વાહનમાં ફેરબદલી કરવા માટે અત્રેની કચેરીની પુર્વ મંજુરી લેવી પડશે.

૩. વાહનનો વિમો, પોલ્યુશન કંટ્રોલ સર્ટીફીકેટ તથા આર.ટી.ઓ. અંગેની તેમજ તમામ પ્રકારની સરકારી કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની એટલે કે વાહન ભાડે આપનારની રહેશે. તેની ખરી નકલ ભાવ સાથે રાખવી.

૪. વાહનનું <u>ટેકસી પાસીંગ</u> થયેલ હોવુ જરૂરી છે. તેમજ વાહનમાં આર.ટી.ઓ. પાસીંગ પ્રમાણેની સીટીંગ કેપેસીટીનો વાહનમાં બેસનારનો સંપૂર્ણપણે વિમો કવર થાય તે મુજબ "કોમ્પ્રેહેન્સીવ" વિમાની પોલીસી લેવાની રહેશે. તેની પ્રમાણીત કોપી એન્જીનીયર ઈન્ચાર્જને રજુ કરવાની રહેશે. પોલીસીની મુદત કોન્ટ્રાક સમય દરમ્યાન પુરી થતી હોય તો તે સમયસર રીન્યુ કરવાની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનારની રહેશે. જેની નકલ તુરંતજ રજુ કરવાની રહેશે.

૫. વાહન સંપૂર્ણ પણે ચાલુ સ્થિતિમાં, સ્વચ્છ અને સુઘડ રાખવાનું રહેશે. તથા વાહન સાથે જરૂરી વધારાની આઈટમ જેમકે, સ્પેર વ્હીલ, જેક, વી–બેલ્ટ, ફયુઝ વિગેરે રાખવાના રહેશે.

૬. ઉપરોકત વાહનનો ઉપયોગ ઓફીસરની સુચના પ્રમાણે કરવાનો રહેશે. ડ્રાઈવરે દરેક વ્યકિત સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે. ગેરવર્તણુંક નો રીપોર્ટ થયેથી તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર ગમે ત્યારે કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઈ વાંધો ઉઠાવી શકશે નહીં.

૭. સામાન્ય રીતે કામગીરીનો સમય **ચોવીસ કલાકનો** રહેશે. આ અંગે નીયમ અનુસાર (કામના કલાકો) અનુલક્ષી ને તમારી ગાડી માટે જરૂરીયાત મુજબના ડ્રાઈવરની વ્યવસ્થા તમારે કરવાની રહેશે. તેની પાસે જરૂરી લાયસન્સ બેઈઝ ધરાવતા હોવા જોઈએ.

૮. કામગીરી સમગ્ર ગુજરાતમાં જયાં જણાવે તે પ્રમાણે કરવાની રહેશે.

૯. બહાર ગામ વિઝીટ દરમિયાન અધિકારીની સુચના પ્રમાણે જે તે સમયે અને સ્થળે હાજર થવાનું રહેશે. ડ્રાઈવર વાહન સાથે સમયસર જણાવેલ સ્થળે હાજર નહીં થાય તો કોન્ટ્રાકટરનાં ખર્ચે બીજું વાહન ભાડે રાખવામાં આવશે અને તેની રકમ કોન્ટ્રાકટરના બીલમાંથી કાપી લેવામાં આવશે.

૧૦. વાહન ચલાવનાર ડ્રાઈવર જાહેર વાહનને લગતુ પાકું લાયસન્સ તથા વેલીડ બેઈઝ (જો હોય તો) ધરાવતો હોવો જોઈએ. જેની પ્રમાણિત નકલ અત્રેની ઓફીસે રજુ કરવાની રહેશે. અને વાહન ચલાવવાનું લાયસન્સ અને બેઈઝ ટાઈમ લીમીટમાં રીન્યુ કરાવેલ હોવુ જોઈએ એટલે કે કોન્ટ્રાક સમય દરમ્યાન તે વેલીડ હોવુ જોઈએ. અન્યથા કોઈપણ પ્રકારની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનાર રહેશે.

૧૧. વાહન માટે રાખેલ ડ્રાઈવર અંગેની જરૂરી મંજુરી અત્રેની કચેરીએથી સક્ષમ અધિકારી પાસેથી મેળવવાની રહેશે. તદઉપરાંત ભવિષ્યમાં પણ જો ડ્રાઈવરમાં ફેરફાર કરવો હોય તો, કોન્ટ્રાકટરે અત્રેની કચેરીએથી સક્ષમ અધિકારી પાસેથી અગાઉથી પુર્વ મંજુરી મેળવવાની રહેશે.ડ્રાઈવરને ગમે ત્યારે બદલવાનો અબાધિત હક સક્ષમ અધિકારીને રહેશે.

૧૨. વાહનનાં ડ્રાઈવરનો પગાર ખર્ચ, ભથ્થું તેમજ વાહનનાં પેટ્રોલ / બળતણ / લુબ્રીકન્ટસનો ખર્ચ અને તમામ પ્રકારનાં રીપેરીંગનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે. ઓર્ડરમાં શેડયુઅલ–'બી' માં દર્શાવેલ ચુકવણાથી વધારાનું કોઈ ચૂકવણું કરવા પાત્ર રહેતુ નથી.

૧૩. બહારગામ વિઝીટ દરમ્યાન અચાનક વાહન બગડે તો કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે જે તે જગ્યાએ નવા વાહનની તાત્કાલીક વ્યવસ્થા કરી આપવાની રહેશે અને તે માટેની સુચના ડ્રાઈવરને આપવાની રહેશે.અને તે વાહન ટેકસી પાસીંગ ધરાવતુ હોવુ જોઈએ તેમજ જરૂરી વિમો, પોલ્યુસન સર્ટીફીકેટ ધરાવતું હોવુ જોઈએ અને આ બાબતની સંપુર્ણ જવાબદારી વાહન ભાડે આપનારની જ રહેશે.

૧૪. મુસાફરી દરમ્યાન વાહનને કે તેમાં બેઠેલા પીજીવીસીએલનાં સ્ટાફને કે ત્રાહિતહિતને નુકશાનકર્તા કોઈપણ જાતનો અકસ્માત થશે તો તેની તમામ પ્રકારની આર્થિક અને કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે, જે બદલ કોન્ટ્રાકટરે ઈન્ડેમ્નીટી બોન્ડ કરી આપવાનું રહેશે. અને જરૂરી વિમો લેવાનો રહેશે.

૧૫. સંજોગોવશાત તમો કોઈપણ દિવસ માટે વાહન આપવામાં નિષ્ફળ જશો તો તે દિવસે તમારે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની રહેશે. અન્યથા તમારા ખર્ચે અને જોખમે બજાર ભાવે વાહન ભાડે કરવામાં આવશે. અને જે ખર્ચ તમારા ખાતે લગાડવામાં આવશે.

૧૬. કોન્ટ્રાકટરે વાહનની લોગબુક રોજેરોજ લખવાની રહેશે તથા જે તે અધિકારીની મુસાફરી માટે તેમાં કિલોમીટર રીડીંગ સાથે અધિકારીની સહી લેવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. અને તેની ત્રણ નકલ દર માસે બીલ સાથે રજુ કરવાનીરહેશે.

૧૭. વાહનની કિલોમીટર ચેઈન જે દિવસે બંધ હશે તેને તાત્કાલિક રીપેર કરી ચાલુ કરવાની રહેશે. અન્યથા અધિકારીના સર્ટીફીકેટ મુજબના મુસાફરીના કિલોમીટર માન્ય રહેશે.

૧૮. પ્રીન્ટેડ બીલ દર મહીને ત્રણ નકલમાં એન્જીનીયર ઈન્ચાર્જને રજુ કરવાનું રહેશે, પેમેન્ટ દર મહીને એકાઉન્ટ પેયી ચેકથી જ એડવાન્સ રસીદની સામે કરવામાં આવશે.

૧૯. ઓર્ડરની સમયમર્યાદા **૧૨(બાર)** માસની અથવા તો ઓર્ડરની વેલ્યુ મુજબ ની મર્યાદા, બેમાંથી જે વહેલાં પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

૨૦. પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ધ્વારા ગમે ત્યારે પંદર દિવસની નોટીસથી ઓર્ડર રદ કરવામાં આવશે જેનાં માટે કોન્ટ્રાકટર કોઈ વાંધો ઉઠાવી શકશે નહીં.

૨૧. સરકારી પ્રવર્તમાન અથવા ભવિષ્યમાં લાગું પડતા તમામ ટેક્ષ / વેરાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. ટોલ ટેકસ પહોંચ રજુ કર્યે અલગથી ચુકવવામાં આવશે. ટોલ ટેકસની પાવતી ઉપર સાથે મુસાફરી કરનાર અધિકારી પાસે એપ્રુવ્ડ કરાવવાનું રહેશે. અને તેના નાણા જે તે મહીનાના બીલ સાથે ઓરીજીનલ પહોંચ રજુ કરી માંગણી કરવાની રહેશે જે બીલ સાથે ચુકવી આપવામાં આવશે.

૨૩. કોઈપણ મતભેદ ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

૨૪. કોન્ટ્રાકટના સમય દરમ્યાન ગાડીનો આર.ટી.ઓ. નિયમ મુજબ ઈન્સ્યુરન્સ, ફુલ વિમો કરાવેલ હોવો જોઈએ અને તેની ખાત્રી માટે પ્રીમીયમ ભર્યાની પહોંચ અને પોલીસીની ઝેરોક્ષ આપવાની રહેશે.

૨૫. ધારાધોરણ મુજબ જો લાગુ પડતો હોય તો સર્વીસ ટેકસ અલગથી ચુકવવામાં આવશે. અને ભાવમાં અલગથી બતાવવાનો રહેશે. અને સર્વીસ ટેકસ નોંધણીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે તેમજ પૈસા જમા થયે ચલણની નકલ રજુ કરવાની રહેશે. જો આ ટેક્ષ અલગથી દર્શાવેલ નહી હોય તો ભરવાપાત્ર થતો નથી. તેવુ બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

૨૬. ડ્રાઈવર પાસે મોબાઈલ રાખવાનો રહેશે. અને તે સતત ૨૪ કલાક ચાલુ રાખવાનો રહેશે, અને તેનો તમામ ખર્ચ કોન્ટ્રાકટરે જભોગવવાનો રહેશે.

૨૭. ડ્રાઈવરની ઉંમર ૪૦ વર્ષ થી નીચી ઈચ્છનીય પરંતુ ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

૨૮. ન્યાય ક્ષેત્ર રાજકોટ રહેશે.

૨૯. ડીઝલ ભાવ સરકારશ્રી/ઓઈલ કંપની ધ્વારા જે તે સમયે ડીઝલમાં ભાવ વધારો / ઘટાડો કરવામાં આવશે ત્યારે ભાવ વધારા / ઘટાડાનાં દરેક ૧૦ પૈસા દીઠ, ૧ પૈસો / કી.મી. ભાવ વધારો / ઘટાડો, વધારાના પ્રત્યેક કી.મી. નાં દરમાં સક્ષમ અધિકારીની મંજૂરીથી અલગ આપવામાં આવશે. **(ડીઝલનો વર્તમાનભાવ રૂા.______________પૈસા ગણવાનો રહેશે.**

૩૦. આ ઓર્ડરની શરતમાં જણાવેલ તમામ દસ્તાવેજ જેમકે આર.સી.બુક, વિમો, ટેક્ષી પાસીંગ, પીયુસી ફુલ વિમો, પ્રોવીડન્ટ ફંડની નકલ, સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન, લાયસન્સ, પાન નંબર અને અન્ય ની એક ખરી નકલ એક ફાઈલમાં ફાઈલ કરી અત્રેની કચેરીએ અલગથી રજુ કરવાની રહેશે.

૩૧. ડ્રાઈવરે કોઈપણ જાતનો કેફી પદાર્થ નું સેવન કરવાનું નથી તેમજ સાથે રાખવાનાં નથી. જો વાહનમાંથી / ડ્રાઈવર પાસેથી કોઈપણ પ્રકારનો કેફી પદાર્થ મળશે તો તે અંગેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી.

૩૨. ૨૪ કલાક માટે ભાડે રાખેલ વાહન જયારે વાહનની જરૂર ન હોય ત્યારે ડયુટી પરથી છુટી કરવામાં આવે ત્યાર પછી વાહનને લગતી તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૩૩. **ડીજલ જીપ ટાવર લેડર સાથે (છોટા હાથી સીવાય) તેમજ જે મોડલ** ભાવ સાથે દર્શાવેલ છે તેજ ગાડી આપવાની રહેશે. અન્ય ગાડી સ્વીકારવામાં આવશે નહીં. **ફેબ્રુ–૨૦૧૫ કે તેનાથી ઉપરનું હોવુ જોઈએ.**

૩૪. જરૂર જણાય એજન્સીની સંમતિથી વર્ક ઓડરની સમય મર્યાદા વધુ એક વર્ષ સુધી લંબાવી શકાશે.

૩૫. દરરોજના રીડીંગ ઈન્ચાર્જ ઈજનેરને સંપૂર્ણ વિગત સાથે રુબરુ આપવાના રહેશે.

૩૬. કોઈપણ મુસાફરીની શરુઆત (કીલોમીટર) પેટા કચેરી થી અને મુસાફરીનો અંત (કીલોમીટર) પણ પેટા કચેરી સુધી ગણાશે.

૩૭. સીકયુરીટી ડીપોઝીટની રકમ કોન્ટ્રાકટરે વર્ક ઓર્ડરના ૫% પ્રમાણે ઓર્ડર મળતા પહેલા ભરવાની રહેશે.

૩૮. ૫% સીકયોરીટી ડીપોઝીટ પેટે ભરેલ રકમ કોન્ટ્રાકટર અધુરુ કામ છોડી જતો રહે અથવા અન્ય શરતોનો ભંગ કરતો જણાશે તો તે ડીપોઝીટ જપ્તીને પાત્ર રહેશે.

૩૯. **વાહન GPRS SYSTEM સાથે આપવાનું રહેશે.**

ઉપરોકત શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકર્તા રહેશે.

કોન્ટ્રાકટરનું નામ :– ______________________

સરનામું :– ______________________

______________________

કોન્ટ્રાકટરનો મોબાઈલ નં. :– ______________________

વાહન નંબર અને મોડેલ :– ______________________

______________________

કોન્ટ્રાકટરની સહી

# Annexure-1

1. The rules are for 2000 KMS per month.
2. **Rates for Excess Km traveled by hiring vehicle beyond 2000 kms:**
   You have to clearly mention the extra kms rates which are more than 2000 kms per month in price bid (Schedule A).
3. All roads tolls / bridges tolls shall be reimbursed on production of poof of payment along with monthly RA bills.
4. The vehicle to be offers for hiring shall be in up-to-date condition including its tubes, tyres, engine as well as conditions of its outside body. The vehicle to be offered shall not be older than 5 years as on date of tender opening.
5. The period of contract shall be for one year. The period further can be extended on mutual agreed terms as per same rates, terms and condition for the one year. However in case of poor services provided by the contractor, Superintending Engineer shall be empowered to terminate the contract by giving 15 days notice.
6. The contractors shall immunize company's personnel against any claim arising out of accidents or misbehavior of drive. The vehicle shall be kept properly insured all the time to cover the 3 rd party risk and simultaneously immunized company on account of claims from public, police department etc.
7. The bills for traveling of the vehicle shall be paid on monthly basis.
8. Driver shall preferably be below the age of 40 years and never 55 year. The lodging and boarding of the driver shall be born by the owner.
9. If the contractor fails to provide a vehicle; the deduction from his RA .bill should be made on prorate.
10. If the agency fails to execute the order successfully, the same should be completed though other agency at the risk & cost of the original contractor.

11. **Formula for considering price variation-** No price variation will be payable on cost of Oil /tyres, Tubes etc. Only charges in price of Diesel will be adjustable. You must quote prices on the basis of prevailing 15 days before the due of date of tender. This basic rate shall be indicated in the offer. **For every Ten paise increase in price of fuel, per Km. payable price shall go up by one paise. This will be applicable to the actual Km. traveled during the month.**

**Executive Engineer (O & M)**
PGVCL, City Division-1, Rajkot

**Contractor's Signature & Seal**
**Place**